# મદદનીશ પોલીસ અધીક્ષકની કચેરી
## ભાવનગર વિભાગ, ભાવનગર

E-mail - sdpo-bav@gujarat.gov.in
Phone No. 0278 – 2518091


**પ્રેસનોટ તા.૧૨/૦૨/૨૦૨૨**

## સગીરવયની કિશોરીનુ અપહરણ કરી દુષ્કર્મ કરતા ઇસમોને પકડી પાડતી અલંગ પોલીસ

- ભાવનગર રેંજના પોલીસ મહાનીરીક્ષક શ્રી અશોકકુમાર સાહેબ તથા ભાવનગર જીલ્લાના પોલીસ અધીક્ષક શ્રી જયપાલસિંહ રાઠોડ સાહેબ તથા નાયબ પોલીસ અધીક્ષક સાહેબ, મહુવાનાઓએ આપેલ સુચના મુજબ.

અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવા સખત સુચના કરેલ હોય. જે અંતર્ગત અલંગ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ડી.જી.પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ અલંગ પોલીસ સ્ટેશનના અના.હેડ કોન્સ. એચ.વી.ગોહિલ તથા એ.એન.ધાંધલા, તથા પો.કોન્સ. રૂષિરાજસિંહ તથા જામસંગભાઇ તથા મયુરધ્વજસિંહ એરીતેનાએ અલંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન એક સગીરાવયની કિશોરી નુ ભાવનગર ભગવતી સર્કલ પાસેથી ઇક્કો ફોરવ્હીલ વાહન નં. GJ-04-K-7028 માં મનસુખભાઇ ભોપાભાઇ સોલંકી રહે. કાળીયાબીડ, ભાવનગર તથા સંજયભાઇ છગનભાઇ મકવાણા, રહે. ત્રાપજ, તા.તળાજા વાળાઓએ અપહરણ કરી લઇ આવી, દુષ્કર્મ કરેલ હોવાની હકિકત મળતા, તપાસ કરી, કલાક ૦૨/૩૦ વાગ્યે મજકુર મનસુખભાઇ ભોપાભાઇ સોલંકી રહે. કાળીયાબીડ, ભાવનગર તથા સંજયભાઇ છગનભાઇ મકવાણા, રહે. ત્રાપજ, તા.તળાજા વાળાઓને સગીરા સાથે ત્રાપજ બસ સ્ટેશનમાંથી ઝડપી લીધેલ પ્રાથમિક તપાસ અને પુછપરછ કરતા ઉપરોક્ત હકિકત અન્વયે સગીરવયની કિશોરી સાથે મનસુખભાઇ ભોપાભાઇ સોલંકી તથા સંજયભાઇ છગનભાઇ મકવાણા, તથા મુસ્તુફા આઇનુલહક શેખ રહે. ત્રાપજ, તા.તળાજા વાળા ઓએ સામુહિક દુષ્કર્મ કરેલ હોવાનુ જણાય આવેલ હોય. જેથી અન્ય એક આરોપી મુસ્તુફા આઇનુલહક ની શોધખોળ કરતા મળી આવતા સગીરા તથા આરોપીઓને આગળની કાર્યવાહી સબબ ભાવનગર નિલમબાગ પોલીસ સ્ટેશનમાં સોપી આપતા, નિલમબાગ પોલીસે તુરંતજ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો રજી. કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરેલ છે.

અત્રે ઉલ્લખેનીય છે કે, મહિલાઓ વિરૂધ્ધના જાતીય ગુનાઓમાં ગુજરાત સરકાર સખત નીતિને વરેલી છે. આ અંગે અવાર નવાર માનનીય મુખ્યમંત્રીશ્રી તથા રાજય કક્ષાના ગૃહ મંત્રી દ્વારા ગંભીરતાપૂર્વક કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવેલ છે. પ્રસ્તુત કેસમાં પણ ભાવનગર પોલીસ ઉંડાણપૂર્વક તપાસ કરી તમામ પ્રકારના પુરાવા એકત્રિત કરી સમય મર્યાદા પહેલા ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ  કરી પીડિતાને ન્યાય અપાવવા કટીબદ્ધ છે.